# પત્નિથી ત્રાસી ગયેલા કોન્સ્ટેબલે ગળેફાંસો ખાઈ લીધો..!

## સે. ૨૭ ડીએસપી ઓફીસ પાસે પોલીસલાઈનમાં રહેતા કોન્સ્ટેબલે રાત્રે પત્નિને રૂમમાં પુરી દીધા બાદ પગલુ ભર્યુ : ત્રાસ આપતી પત્નિ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૩

પત્નિ પિડિત વધુ એક પતિએ જીવનલીલા સંકેલી નાંખી હોવાનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે. પત્નિથી ત્રાસી ગયેલા પોલીસ કોન્સ્ટેબલે સેક્ટર-૨૭ ડીએસપી ઓફીસ પોલીસલાઈનમાં પોતાના ઘરમાં જ પંખે સાડી બાંધીને રાત્રે ગળેફાંસો ખાઈ લીધો હતો. પત્નિને બીજા રૂમમાં પુરી દઈને કોન્સ્ટેબલે ગઈ રાત્રે ફાંસો ખાઈ લીધો હતો. રૂમમાં પુરાયેલી પત્નિએ કંટ્રોલરૂમમાં ફોન કરી પતિએ તેણીને પુરી દીધી હોવાની વર્ધી આપી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે કોન્સ્ટેબલ પતિએ આપઘાત કરી લીધો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. સે. ૨૧ પોલીસે મૃતકના ભાઈની ફરિયાદને આધારે પત્નિ સામે શારીરિક માનસીક ત્રાસ અંગે ગુનો દાખલ કરી તેણીની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ ડીએસપી ઓફીસ ખાતે પોલીસ લાઈનમાં સરકારી મકાનમાં રહેતા ૪૦ વર્ષિય કોન્સ્ટેબલ મોતીસિંહ સરદારસિંહ સોલંકીએ ગઈરાત્રે પણ પત્નિ સાથે કોઈ બાબતે માથાકુટ થઈ હતી. પત્નિથી ત્રાસી ગયેલા કોન્સ્ટેબલ મોતીસિંહે ગઈ રાત્રે બે વાગ્યા આસપાસ તેની પત્નિને એક રૂમમાં પુરી દીધી હતી. રૂમમાં પુરાઈ ગયેલી પત્નિ જયશ્રીબેને પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરી પતિએ તેણીને પુરી દીધી હોવાની વર્ધી લખાવી હતી. રાત્રે પીસીઆર વાન ઘટનાસ્થળે પહોંચી અને ઘરમાં જઈને જોયુ તો પત્નિને રૂમમાં પુરીને બીજા રૂમમાં પંખે સાડી બાંધીને કોન્સ્ટેબલ પતિ મોતીસિંહે ગળેફાંસો ખાઈ લીધો હોવાનું ધ્યાને આવ્યુ હતુ. સે. ૨૧ પોલીસે મૃતદેહ ઉતારી પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. દરમ્યાન પત્નિ દ્વારા અવારનવાર કોન્સ્ટેબલને ત્રાસ અપાતો હોવાના નિવેદન મળતા પીએસઆઈ બી.જી. યાદવે મૃતક મોતીસિંહના ભાઈ બાબુજીની ફરિયાદને આધારે કોન્સ્ટેબલની પત્નિ જયશ્રીબેન સામે શારીરિક માનસિક ત્રાસ આપી આપઘાત માટે દુષ્પ્રેરણ કરવા બદલ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



## સે-૧૫ ફતેપુરામાંથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે તેમની ટીમને લીસ્ટેડ બુટલેગરોની ગતિવિધીઓ પર નજર રાખવા તથા બાતમીદારો સક્રિય કરી તેમની હાલની પ્રવૃત્તિ અંગે માહિતી મેળવવા સુચના આપતા તેમની ટીમ તે દિશામાં સક્રિય છે. આજે એલસીબીની ટીમ ગાંધીનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ વિપુલભાઈને ચોકકસ બાતમી મળી હતી કે મહેશજી રમેશજી ઠાકોર નામનો સે-૧૫ ફતેપુરાનો બુટલેગર તેના ઘરે દારૂ-બિયર સંતાડી વેપલો કરે છે. એલસીબીની ટીમે તેના મકાનમાં દરોડો પાડી ૫૮ નંગ જીનની બોટલો તથા ૪૮ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૨,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મહેશ ઠાકોર સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



૧૬મીએ કોંગ્રેસ દ્વારા અપાયેલ રસ્તા રોકો આંદોલન અંગે આજે જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને પંચાયતના ચૂંટાયેલા સભ્યોની યોજાયેલી બેઠકમાં પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને આગેવાનો નજરે પડી રહ્યા છે.

# સે-૪ એ ના પાંચ ઘરોમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણી આવતુ જ નથી

ગાંધીનગર તા ૧૩

શહેરમાં ધગધગતા ઉનાળે પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પ્રતિદિન ૫૫ એમ એલ ડી નો સપ્લાય આપવામાં આવે છે. જયારે સેકટરોમાં પાણીની કોઈ સમસ્યા ન હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. આવા સંજોગોમાં પાણી સે-૪ એ માં ઉંચાણવાળા વિસ્તારમાંસ્થિત ૫ મકાનોમાંઉનાળાની આકરી ગરમીમાં પાણીની ટીંપુ પણ આવતુ ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સેકટરમાં સ્થિત આ પાંચ મકાનો ઉંચાણ પર હોવાના લીધે આ ઠેકાણે પાણી પહોંચતુ જ નથી. સ્થાનિક રહીશો પણ રજુઆત કરીને થાકી ગયા છે. ઉનાળાના ત્રણ મહીના રહીશોએ પાણી માટે વલખા મારવાનો વારો આવે છે.

શહેરમાંપાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સેકટરોમાં કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે સેકટરોમાં ફોર્સથી પાણી મળી રહે તે માટે વર્ષો અગાઉ પાઈપલાઈન પણ અપગ્રેડ કરવામાં આવી હતી આ ઉપરાંત સે-૫ માં પાણીની નવી ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ પાણીની ફરિયાદોનુ પ્રમાણ પણ ઘટી ગયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ આકરી ગરમીમાં સેકટરોમાં કયારેક પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. જયારે ગરમીના દિવસોમાં સેકટરોમાં ફોર્સથી પાણી આવતુ હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવે છે. પરંતુ ગાંધીનગરના પાંચ ઘરોમાં આકરા ઉનાળા દરમિયાન

**ઉંચાણવાળા વિસ્તારમાં સ્થિત મકાનોમાં પાણીની નવી લાઇન નાંખવા માટે પણ તંત્રકક્ષાએ કોઇ પગલા લેવાતા નથી**

પાણી આવતુ જ ન હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. સે-૪ એ માં સ્થિત પ્લોટ નં-૧૦૧૨ : ૧ તેમજ આસપાસના મકાનોમાં પાણી ન આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સ્થાનિક રહીશોની રજુઆત મુજબ ઉંચાણવાળા વિસ્તારમાં સ્થિત પ્લોટમાં પાણીની લાઈનનુ જોડાણ છે. પરંતુ ઘરમાં પાણી આવતુ નથી. આ વિસ્તારની ટોપોગ્રાફી પાણીની લાઈન માટે સાનુકુળ ન હોવાના લીધે નવુ જાડાણ આપવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની સમસ્યા વધુ જટીલ બનતા સ્થાનિક રહીશોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આ સમસ્યાને અનુલક્ષી પાટનગર યોજના ભવનના અધિકારીઓએ સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ પણ કર્યુહતુ. પરંતુ આજદિન સુધી કોઈ પગલા ન લેવાતા હજુ સુધી આ વિસ્તારમાં પાણીની પોકાર યથાવત છે.

## હાથીજણથી ગાંધીનગર રંગ અવધૂત પરિવારની ૩૨મી ધજા પદયાત્રા

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાથીજણ ગામે શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા મહારાજની માતા રૂકમામ્બાની ૫૦મી પુણ્યતિથી નિમિત્તે તા. ૧૫મી જુલાઈ બપોરે ૧ કલાકે ૩૨મી ધજા આરોહણ પદયાત્રા યોજાશે. રંગ અવધૂત પરિવાર હાથીજણ દ્વારા પાટનગર ત્રિમૂર્તિ દત્ત મંદિરના પાટોત્સવ નિમિત્તે યોજવામાં આવેલ પદયાત્રા તા. ૧૬મી જુલાઈએ ધજા આરોહણ માટે પહોંચશે. આ પદયાત્રામાં જોડવા ઈચ્છતા રંગ ભકતોએ તા. ૧૫મી જુલાઈ બપોરે ૧ કલાકે હાથીજણ પહોંચી જવા જણાવ્યું છે.

# ભાજપની બેઠકમાં બુથ પેજ પ્રમુખોની નિમણુંક ૧૫ દિવસમાં પૂર્ણ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં દરેક બુથમાં પેજ પ્રમુખોની નિયુક્તી સાથે જ્યાં જ્યાં પણ બુથ સમિતિની રચના બાકી હોય ત્યાં તાત્કાલિક આ કામગીરી પૂર્ણ કરવાની તાકીદ પ્રદેશ અગ્રણી અને ગાંધીનગરના ઈન્ચાર્જ મહેશ કસવાલાયે કરી છે.

ગઈકાલે યોજાયેલ બેઠકમાં કસવાલાએ કાઉન્સીલરોને પણ બુથ વિસ્તારકોની સાથે સાથે સક્રિય કામગીરી કરવા તેમજ નિયમિતરીતે વિસ્તારોની મુલાકાત લેવાનો આગ્રહ કર્યો હતો. તેમણે આ બેઠકમાં બુથ પેજ પ્રમુખોની નિમણુંક આગામી ૧૫ દિવસમાં થઈ જાય તે જોવા જણાવ્યુ હતુ. તેમજ નિયમિત રીતે બુથની બેઠકો બુથમાં જ યોજવામાં આવે તેમ પણ કહ્યુ હતુ. કસવાલાયે જે બુથ સમિતિઓની રચના બાકી છે તેની રચના પણ ઝડપથી કરી દેવા માટે જણાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સંકલનનો સેતુ કેવી રીતે બની શકે તે બાબતે પણ હળવી ભાષામાં સમજાવી સુયોગ્ય સંકલન ઉભુ કરવા સૂચવ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં સંગઠન અંગે આગામી દિવસોમાં બેઠકોનો સિલસિલો વધુ સઘન બનશે તેમ ભાજપના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાના તાલિમ વર્ગોનું આયોજન

ગુજરાત સરકાર દ્વારા રોજગારી માટેની વિવિધ ભરતી માટે આવનાર જાહેરાતોને અનુલક્ષીને સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી માટે ગાંધીનગર સ્થિત નામાંકિત તાલિમ સંસ્થાઓના સહયોગથી સમસ્ત આદિવાસી સમાજના યુવાનોને સ્પર્ધાત્મક પરિક્ષાલક્ષી તાલિમ સરળતાથી મળી રહે તેમજ સરકારી નોકરીમાં ઉપયોગી કોમ્પ્યુટરના પાયાના જ્ઞાનની તાલીમ પણ સંસ્થા દ્વારા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગોમાં તાલિમ મેળવવા ઈચ્છુક સમાજના ઉમેદવારોએ પોતાનું નામ, જન્મતારીખ, પત્ર વ્યવહારનું સરનામું, શૈક્ષણિક લાયકાત, સંપર્ક-મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસની વિગતો સાથેના સ્પર્ધાત્મક પરિછા માટેની તાલિમ તથા કોમ્પ્યુટર તાલિમના બે અલગ અલગ પોટો લગાડેલા અરજી ફોર્મ જાતિ અને સ્કુલ લીવીગ સર્ટીફિકેટની સ્વપ્રમાણિત નકલના બિડાણ સાથે તાલિમના કન્વીનર બી.વી.મોડીયા પ્લોટ નં- ૨૫૫-૨ સેકટર-૨ બી ખાતે ટપાલથી તેમજ રુબરુ દિન -૧૫માં મોકલી આપવા ડુંગરી ગરાસીયા સમાજના ઉપપ્રમુખ ભરત મોડીયાએ અનુરોધ કર્યો છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ**

**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતે વિન્ડો એ.સી., સ્પ્લીટ એ.સી. તથા વૉટર કુલરના મરામત અને નિભાવણી તેમજ એ.સી. એક જગ્યાએથી કાઢી બીજી જગ્યાએ ફીટ કરવાના વાર્ષિક મરામત અને નિભાવણીના કામોના ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૨,૩૩,૩૬૦/- છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૨૯/૬/૨૦૧૭ (૧૮.૦૦ કલાક) સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મરામત અને નિભાવણી શાખા, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૭/૭/૨૦૧૭ (૧૮.૦૦ કલાક) સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

માહિતી/૭૪૦/૧૭-૧૮



